વિજાપુર ન.પા.વેરા વસૂલાત પર વળતર આપવા અંગેના નિયમો-૨૦૧૩

નં.નપાનિ/ટેક્ષશાખા/વિજાપુર/વશી-૧૯૦,૨૦૮/૨૦૧૩

1669

નગરપાલિકા નિયામકની કચેરી
બ્લોક નં.૧૪,ત્રીજો માળ
ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલ
સેકટર-૧૦, ગાંધીનગર
તારીખઃ-૨૧/૩/૨૦૧૩

વંચાણે લીધોઃ-

૧.મુખ્ય અધિકારીશ્રી **વિજાપુર** નગરપાલિકાનો પત્ર નં ૧૮૭૪/૧૩ તા.૬/૩/૨૦૧૩

૨.કલેકટરશ્રી **મહેસાણા** નો પત્ર ક્રમાંકઃ નગપ-૨/વશી.૫૩૪/૨૦૧૩ તા.૧૩/૨/૨૦૧૩

૩.શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય,ગાંધીનગરના પરિપત્ર ક્રમાંકઃ પરચ/ ૧૦૨૦૦૦/૪૮૨૯/મ તા.૧૨/૧/૦૧

હુ ક મઃ -

**વિજાપુર** નગરપાલિકાના સામાન્ય સભાના ઠરાવ **નં.૪૦ તા.૩૧/૭/૨૦૧૨** થી સરકારશ્રી ના તા.૧૨/૧/૦૧ ના પરિપત્ર અન્વયે વસુલાત પર વળતર આપવા અંગેના નિયમો બનાવી આમુખ.(૧) થી ચીફ ઓફિસર **વિજાપુર** નગરપાલિકાએ દરખાસ્ત મોકલી આપેલ છે.

આમુખ-(૨) ના પત્ર થી કલેકટરશ્રી **મહેસાણાએ વિજાપુર** નગરપાલિકાના સદરહુ નિયમોની દરખાસ્ત ચકાસણી કરીને મંજુર કરવા ભલામણ કરેલ છે.

આમુખ-(૧) થી દરખાસ્ત અત્રે રજુ થયેલ છે. જેને ચકાસવામાં આવી છે.ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૭૧ હેઠળ અત્રેને મળેલ સત્તા અન્વયે **વિજાપુર** નગરપાલિકાના સામાન્ય સભાના ઠરાવ **નં.૪૦ તા.૩૧/૭/૨૦૧૨** તથા આમુખ-(૩) મુજબ સરકારશ્રીના તા.૧૨/૧/૦૧ ના પરિપત્રની શરતોને આધીન ચાલુ માંગણાની તમામ રકમ ભરપાઇ કરનાર કરદાતાઓને (શિ.ઉ.સિવાય) ના તમામ વેરાઓ પર આ સાથે **વિજાપુર** નગરપાલિકાએ બનાવેલ નિયમોને આથી મંજૂરી આપવામાં આવે છે.

<u>બિડાણઃ- નિયમોની નકલ</u>

રવાના કર્યુ ૨૧-૩-૧૩

મદદનીશ નિયામક નગરપાલિકાઓ
ગુજરાત રાજય, ગાંધીનગર

DIRECTOR OF MUNICIPALITIES GUJARAT STATE GANDHINAGAR

સહી/-
(એસ.બી.રાવલ)
નિયામક નગરપાલિકાઓ
ગુજરાત રાજય,ગાંધીનગર

પ્રતિ
પ્રમુખશ્રી / મુખ્ય અધિકારીશ્રી
વિજાપુર નગરપાલિકા, જિ. મહેસાણા

<u>નકલ સવિનય રવાનાઃ-</u>



ઉપસચિવશ્રી(ન.પા) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર તરફ જાણ સારૂં

<u>નકલ રવાનાઃ-</u> (૧.)કલેકટરશ્રી જિ. મહેસાણા તરફ જાણ સારૂ (૨) સિલેકટ ફાઇલે

D:\D-\...\Tax-2011-12-13\Tax & Desaster-H-2.doc

વિજાપુર નગર પાલિકા
દફતરનું નામ...
આવક નંબર...
તારીખ...30/3/13

# વિજાપુર નગરપાલિકા, જી.મહેસાણા

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૭૧ હેઠળની સામાન્ય સભાના ઠરાવ નં.૪૦ તા-૩૧-૭-૨૦૧૨ વેરા વળતર પેનલ્ટીથી મંજુર કરેલ કરવેરામાં વળતર આપવા તથા દંડનીય વ્યાજ અને નોટીસ ફી – વોરંટ ફી અંગેના **નિયમો – ૨૦૧૩**

વિજાપુર નગરપાલિકા વિસ્તારમાં મિલકત ધારણ કરનાર કરદાતાઓને વેરા વળતર આપવા બાબતે મે.નાયબ સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના પરિપત્ર ક્રમાંક પરચ/ ૧૦૨૦૦૦/૪૮૨૯/મ, સચિવાલય, ગાંધીનગર તા.૧૨-૧-૨૦૦૧માં જણાવેલ સુચનાઓ ધ્યાને લઇ વેરા વળતરના નિયમો બનાવવામાં આવે તો નગરના કરદાતાઓ વેરા વળતરનો લાભ મેળવી શકે અને પોતાની મિલકતોના વેરા વહેલી તકે ભરપાઇ કરે અને વેરા વસુલાતમાં વધારો થાય. આમ, વેરા વસુલાતની ટકાવારીમાં વધારો થવાથી વિકાસના કામો તેમજ નગરજનોને આપવામાં આવતી સુવિધાઓ પણ ઝડપથી પુરી પાડી શકાય તેમજ જે કરદાતાઓ નિયમ સમયમર્યાદામાં વેરો ભરપાઇ કરતા હોય તેમને પ્રોત્સાહન મળે અને સમંય મર્યાદામાં ટેક્ષ ( વેરા ) ન ભરી ટેક્ષ (વેરા) ભરવામાં ઉદાસીનતા દાખવતા કરદાતાઓને દંડનીય કાર્યવાહી તે હેતુથી નગરપાલિકા વેરા વળતર તથા દંડનીય વ્યાજના નિયમો બનાવવા ઠરાવે છે.

1. આ નિયમો વિજાપુર નગરપાલિકા વેરા વળતર અને દંડનીય વ્યાજ અંગેના નિયમો- ૨૦૧૨ કહેવાશે.
2. આ નિયમો નાણાંકીય વર્ષ ૨૦૧૨-૨૦૧૩થી સરકારશ્રીની મંજુરી મળ્યેથી લાગુ પડશે. વેરા વળતર અને દંડનીય વ્યાજના કિસ્સામાં આ નવિન નિયમોની જોગવાઇઓ લાગુ પડશે તેમ છતાં અગાઉ થયેલ અમલવારીને આ નિયમોથી કંઇ બાધ નડશે નહી.
3. કરદાતા પાસેથી લ્હેણી નીકળતી વેરાની રકમ અંગેના માંગણાબીલની નોટીસ રજુ થયાની તારીખથી એક માસના સમયમાં કરદાતા બીલમાં માંગવામાં આવેલ પાછલી બાકી સહીતની પુરેપુરી રકમ નગરપાલિકાને ભરપાઇ કરે તો માંગણા બીલની નોટીસના ચાલુ માંગણાની રકમ ( શિક્ષણ ઉપકર સિવાયની તમામ રકમ ) ઉપર ૧૦ ( દસ ) ટકા વળતર મેળવવાને પાત્ર ગણાશે.
4. જો કરદાતા વેરાની રકમ અંગેના માંગણાબીલની નોટીસ પછીના ઉપર્યુક્ત (૩) મુજબની મુદત પછીના ૨ (બે) માસ સુધીમાં માંગણાબીલની વેરાની પાછલી બાકી સહીતની રકમ પુરેપુરી ભરપાઇ કરે તો કોઇ વળતર કે દંડ લાગુ પડશે નહી.
5. કરદાતાને રજુ કરેલ વેરાની લ્હેણી રકમ અંગેના માંગણાબીલ રજુ થયા પછીના ત્રણ માસ પછી બાકી રહેતી કરની ચાલુ માંગણા સહીતની કુલ રકમ ઉપર વાર્ષીક ૧૮ ( અઢાર) ટકા લેખે દંડનીય વ્યાજ વસુલ લેવામાં આવશે.
6. નગરપાલિકા દ્વારા અધિનિયમની જોગવાઇ મુજબ નોટીસની બજવણી કરવામાં આવશે તો ₹.100/- નોટીસ ફી વહીવટી ચાર્જ તરીકે લાગુ પડશે.
7. નોટીસની બજવણી થયા બાદ ટેક્ષ ભરપાઇ કરવામાં નહી આવે અને નગરપાલિકા દ્વારા જપ્તી / સીલ અંગેનું વોરંટ ઇસ્યુ કરવામાં આવશે અને વોરંટના ઇસ્યુ સમયે તે જ દિવસે ટેક્ષ ભરપાઇ કરવામાં આવશે તો વોરંટ ફી તરીકે ₹.100/- લાગુ પડશે. વોરંટની બજવણી થયા બાદ પણ ટેક્ષ ભરપાઇ કરવામાં નહી આવે અને નગરપાલિકા દ્વારા જપ્તી / સીલની કાર્યવાહી કરવામાં આવશે તો ₹.100/- કાર્યવાહી પેટે લાગુ પડશે.
8. કરદાતાને રજુ થયેલ વેરા અંગેનાં માંગણાબીલની નોટીસની તારીખથી ત્રણ માસમાં માંગણાબીલમાં દર્શાવેલ વેરાની પાછલી બાકી સહીતની પુરેપુરી રકમ ભરપાઇ કરવામાં નિષ્ફળ જાય તો તેવા કરવાદાતાનું પાણી જોડાણ બંધ કરવામાં આવશે અને નવેસરથી જોડાણની માંગણી કરે તો (૧) રહેણાંક હેતુ માટે ₹.300/- ( અંકે ત્રણસો

D:\Chief Noting\10 % Rebat Niyamo.Docx

ચીફ ઓફીસર
વિજાપુર નગર પાલિકા

પ્રમુખ
વિજાપુર નગર પાલિકા

રુપિયા પુરા) અને (૨) ધંધાકીય હેતુમાં ₹.500/- (અંકે રુપિયા પાંચસો પુર) પુનઃજોડાણ ફી તરીકે ચુકવવાના રહેશે.

9. આ નિયમો શિક્ષણ ઉપકરને લાગુ પડશે નહી.

10. દંડનીય વ્યાજ ગણવાની પધ્ધતિ –

માંગણાબીલ રજુ થયેથી ત્રણ માસમાં વેરાની પુરેપુરી રકમ ભરપાઇ કરવામાં કરદાતા નિષ્ફળ જાય તો ૧૮ (અઢાર) ટકા દંડનીય વ્યાજ વસુલ લેવા અંગેની ગણતરી નીચે મુજબ રહેશે.

A. માંગણાબીલની કુલ રકમની ૧૮ (અઢાર) ટકા મુજબની વાર્ષીક વ્યાજની ગણતરી કરી તેને ૧૨ (બાર) વડે ભાગી એક માસના વ્યાજની રકમ નક્કી કરી તે મુજબ જેટલા માસ કરની રકમ ચુકવવામાં વિલંબ થયેલ હોય તેટલા મહિનાનું વ્યાજ વસુલ કરવામાં આવશે. માસિક વ્યાજની ગણતરી ૧૫ ( પંદર ) દિવસથી ઓછા દિવસ હોય તો વ્યાજ ગણવાનું રહેશે નહી અને ૧૫ ( પંદર ) દિવસ પછી આખા મહીનાનું વ્યાજ ગણવાનું રહેશે.

B. વર્ષ અંતે બાકી લ્હેણાની કુલ રકમ ઉપર ફ્લ ૧૮ ( અઢાર ) ટકા મુજબનું વ્યાજ જે તે કરદાતાની બાકી રકમમાં ઉમેરવાનું રહેશે.

11. આ નિયમોમાં જે બાબતનો ઉલ્લેખ કરવાનો રહી ગયો હોય તે બાબત અથવા નિયમના અર્થઘટન બાબતમાં નગરપાલિકાના મુખ્ય અધિકારી કરશે. આવા નિર્ણય સામે અસંતોષ હોય તો નિર્ણયની જાણ થયેથી મોડામાં મોડા દિન-૧૫ માં કારોબારી સમિતિમાં અપીલ થઇ શકશે. આ માટે ટેક્ષની તમામ રકમ ભરપાઇ કર્યા બાદ જ અપીલ કરી શકાશે. તે સિવાય કરેલ અપીલ આપોઆપ રદ્દ થશે અને કારોબારી સમિતિના નિર્ણય સામે દિન-૧૫ માં સામાન્ય સભામાં અપીલ કરી શકશે. અપીલ પીરીયડ પુરો થયા બાદ કોઇ અપીલ ધ્યાને લેવામાં આવશે નહી. સામાન્ય સભાનો નિર્ણય આખરી ગણાશે. તેની સામે કોઇ અપીલ થઇ શકશે નહી.

વિજાપુર નગરપાલિકા દ્વારા જણાવ્યા મુજબની વિગતે સરકારશ્રીની સુચનાઓ અને પરિપત્રો અન્વયે નિયમો નક્કી કરેલ છે.

ઉપરોક્ત નિયમો વિજાપુર નગરપાલિકાના કરદાતાઓને કરવેરામાં રાહત આપવાના નિયમો તરીકે ઓળખાશે.

DIRECTOR OF MUNICIPALITIES GUJARAT STATE, GANDHINAGAR

વિજાપુર નગર પાલિકા

ચીફ ઓફીસર
વિજાપુર નગરપાલિકા

પ્રમુખ
વિજાપુર નગરપાલિકા

રવાના કર્યું
નિયામક. નગરપાલિકાઓ
ગુજરાત રાજ્ય ગાંધીનગર વતી

સહી/-
(એસ બી રાવળ)
નિયામક નગરપાલિકાઓ
ગુ. રા. ગાંધીનગર

D:\Chief Noting\10 % Rebat Niyamo.Docx

વિજાપુર નગરપાલિકા

વિજાપુર નગરપાલિકા

જળ એ જ જીવન- પાણી બચાવો

# વિજાપુર નગરપાલિકા

તા.વિજાપુર, જિ.મહેસાણા

swarnim

ફોન-૦૨૭૬૩-૨૨૨૭૪૧, ફેક્સ-૦૨૭૬૩-૨૨૦૨૬૩

ઈ-મેઈલ : np_vijapur@yahoo.co.in

વિજાપુર નગર પાલિકા
જાવક નંબર 1135/12/13
તારીખ 5/2/13

પ્રતિ,
મે.નિયામક સાહેબશ્રી,
નિયામકશ્રીની કચેરી,
ગાંધીનગર

વિષય – ૧૦ ટકા રીબેટ તથા ૧૮ ટકા વ્યાજ નાખવાના નિયમોની મંજુરી આપવા બાબત.

સંદર્ભ – (૧) સામાન્ય સભાના ઠરાવ નંબર ૪૦, તા.૩૧-૭-૨૦૧૨
(૨) સામાન્ય સભાના ઠરાવ નંબર ૯૧, તા.૧૦-૧-૨૦૧૩

મે.સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષયના સંદર્ભ પરત્વે જયભારત સાથે જણાવવાનું કે નામ.સરકારશ્રીના પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૦/૪૮-૨૯/મ તા.૧૨-૧-૨૦૦૧થી નગરપાલિકાઓમાં ૧૦ ટકા રીબેટ તથા ૧૮ ટકા વ્યાજ લેવા માટે પરિપત્ર થયેલ છે. જે અન્વયે સંદર્ભ (૧)થી નગરપાલિકા દ્વારા નગરપાલિકા હદની મિલકતો ઉપર ૧૦ ટકા રીબેટ અને ૧૮ ટકા વ્યાજ નાખવા સારૂ ઠરાવ કરેલ છે. જેના અનુસંધાને અત્રેની કચેરી દ્વારા સ્થાનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપી વાંધા-સુચનો મંગાવવામાં આવેલ. પરંતુ સમયમર્યાદામાં કોઇ વાંધા સુચનો આવેલ ન હોઇ સંદર્ભ(૨) નિયમો મંજુરી અર્થે સરકારશ્રીમાં દરખાસ્ત કરવાનું ઠરાવવામાં આવેલ છે. આમ, સદર બાબતે આપ સાહેબશ્રી તરફથી ૧૦ ટકા રીબેટ અને ૧૮ ટકા વ્યાજના નિયમોની મંજુરી આપવા વિનંતી સહ દરખાસ્ત સાદર કરવામાં આવે છે.

ચીફ ઓફીસર
વિજાપુર નગરપાલિકા

નકલ સવિનય રવાના –

- માન.કલેક્ટરશ્રી, મહેસાણા/- અભિપ્રાય સહ મંજુરી અર્થે નિયામકશ્રી, નગરપાલિકાઓ ગાંધીનગરને મોકલી આપવા વિનંતી છે.

બિડાણ –

- નગરપાલિકાનો તા.૩૧-૭-૨૦૧૨નો ઠરાવ
- સમાચારપત્રની નોટીસની નકલ
- વાંધા સુચનો બાદનો તા.૧૦-૧-૨૦૧૩નો ઠરાવ

O/C

## જાહેર નોટિસ

**વિજાપુર નગરપાલિકા**
**જાવક નંબર:૧૦૩૫/૧૨/૧૩**
**તારીખ:૧૮/૯/૧૨**

આથી વિજાપુર નગરપાલિકા હદ વિસ્તારમાં મિલકત ધરાવતા મિલકત ધારકો તેમજ પાણી કનેકશન મેળવેલ ઈસમોને આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે ગુજરાત મ્યુનિસિપલ એક્ટ ની કલમ ૨૭૧ થી મળેલ સત્તાની રૂએ તા.૩૧-૭-૨૦૧૨ ના રોજ મળેલ સામાન્ય સભાના ઠરાવ નંબર ૪૦ થી મિલકત ઉપર લેવામાં આવતા ટેક્ષ(કર) સમય મર્યાદામાં ટેક્ષ ભરનારને ૧૦ ટકા રીબેટ આપવાનું અને સમયસર ટેક્ષ ન ભરનાર બાકીદારો પાસેથી ૧૮ ટકા વ્યાજ તથા નોટીસ ફી, વોરંટ ફી, પેનલ્ટી સાથે ટેક્ષ વસુલ લેવા બાબતેના નિયમો બનાવેલ છે જે વિજાપુર નગરપાલિકાના નોટીસ બોર્ડ ઉપર તા.૧૮/૯/૨૦૧૨ ના રોજથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જે કોઈ ઈસમને આ બાબતે કોઈ વાંધો તકરાર હોય તો દિન-૩૦ માં નગરપાલિકા ને મળી જાય તે રીતે લેખિતમાં મોકલી આપવાના રહેશે.

| | |
|---|---|
| **(જયેશ બી.પટેલ)** | **(આશાબેન ડી.ઠાકોર)** |
| **ચીફ ઓફીસર** | **પ્રમુખ** |
| **વિજાપુર નગરપાલિકા** | **વિજાપુર નગરપાલિકા** |

# વિજાપુર નગરપાલિકા

## સામાન્ય સભા તા. ૩૧-૦૭-૨૦૧૨

કામ ૮ ટેક્ષ વિભાગમાં ૧૦ ટકા રીબેટ અને ૧૮ ટકા વ્યાજના નોટીસ, વોરંટ ફી, પેનલ્ટી વિગેરે માટે વિજાપુર નગર પાલિકા નીચે મુજબના નિયમો બનાવે છે.

ઠરાવ -૪૦ તા. ૩૧-૦૭-૨૦૧૨

ટેક્ષ વિભાગમાં સમયમર્યાદામાં ટેક્ષ ભરનારને ૧૦ ટકા રીબેટ આપવાનું અને સમયસર ટેક્ષ ન ભરનાર બાકીદારોની પાસેથી ૧૮ ટકા વ્યાજ તથા નોટીસ ફી, વોરંટ ફી, પેંનલ્ટી સાથે ટેક્ષ વસુલ લેવાના નિયમો નીચે મુજબ બનાવી વર્ષ-૨૦૧૩ થી અમલમાં આંવે તે શરતે સરકારશ્રીની મંજુરી અર્થે મોકલવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

નિયમો-

**વિજાપુર નગરપાલિકા, જી.મહેસાણા**

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૭૧ હેઠળની સામાન્ય સભાના ઠરાવ નં.૪૦ તા-૩૧-૭-૧૨ વેરા વળતર પેનલ્ટીથી મંજુર કરેલ કરવેરામાં વળતર આપવા તથા દંડનીય વ્યાજ અને નોટીસ ફી – વોરંટ ફી અંગેના નિયમો – ૨૦૧૨**

વિજાપુર નગરપાલિકા વિસ્તારમાં મિલકત ધારણ કરનાર કરદાતાઓને વેરા વળતર આપવા બાબતે મે.નાયબ સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના પરિપત્ર ક્રમાંક પરચ/ ૧૦૨૦૦૦/૪૮૨૯/મ, સચિવાલય, ગાંધીનગર તા.૧૨-૧-૨૦૦૧માં જણાવેલ સુચનાઓ ધ્યાને લઇ વેરા વળતરના નિયમો બનાવવામાં આવે તો નગરના કરદાતાઓ વેરા વળતરનો લાભ મેળવી શકે અને પોતાની મિલકતોના વેરા વહેલી તકે ભરપાઇ કરે અને વેરા વસુલાતમાં વધારો થાય. આમ, વેરા વસુલાતની ટકાવારીમાં વધારો થવાથી વિકાસના કામો તેમજ નગરજનોને આપવામાં આવતી સુવિધાઓ પણ ઝડપથી પુરી પાડી શકાય તેમજ જે કરદાતાઓ નિયમ સમયમર્યાદામાં વેરો ભરપાઇ કરતા હોય તેમને પ્રોત્સાહન મળે અને સમય મર્યાદામાં ટેક્ષ ( વેરા ) ન ભરી ટેક્ષ (વેરા) ભરવામાં ઉદાસીનતા દાખવતા કરદાતાઓને દંડનીય કાર્યવાહી તે હેતુથી નગરપાલિકા વેરા વળતર તથા દંડનીય વ્યાજના નિયમો બનાવવા ઠરાવે છે.

1. આ નિયમો વિજાપુર નગરપાલિકા વેરા વળતર અને દંડનીય વ્યાજ અંગેના નિયમો- ૨૦૧૨ કહેવાશે.
2. આ નિયમો નાણાંકીય વર્ષ ૨૦૧૨-૨૦૧૩થી સરકારશ્રીની મંજુરી મળ્યેથી લાગુ પડશે. વેરા વળતર અને દંડનીય વ્યાજના કિસ્સામાં આ નવિન નિયમોની જોગવાઇઓ લાગુ પડશે તેમ છતાં અગાઉ થયેલ અમલવારીને આ નિયમોથી કંઇ બાધ નડશે નહી.
3. કરદાતા પાસેથી લ્હેણી નીકળતી વેરાની રકમ અંગેના માંગણાબીલની નોટીસ રજુ થયાની તારીખથી એક માસના સમયમાં કરદાતા બીલમાં માંગવામાં આવેલ પાછલી બાકી સહીતની પુરેપુરી રકમ નગરપાલિકાને ભરપાઇ કરે તો માંગણા બીલની નોટીસના ચાલુ માંગણાની રકમ ( શિક્ષણ ઉપકર સિવાયની તમામ રકમ ) ઉપર ૧૦ ( દસ ) ટકા વળતર મેળવવાને પાત્ર ગણાશે.
4. જો કરદાતા વેરાની રકમ અંગેના માંગણાબીલની નોટીસ પછીના ઉપર્યુક્ત (૩) મુજબની મુદત પછીના ૨ (બે) માસ સુધીમાં માંગણાબીલની વેરાની પાછલી બાકી સહીતની રકમ પુરેપુરી ભરપાઇ કરે તો કોઇ વળતર કે દંડ લાગુ પડશે નહી.
5. કરદાતાને રજુ કરેલ વેરાની લ્હેણી રકમ અંગેના માંગણાબીલ રજુ થયા પછીના ત્રણ માસ પછી બાકી રહેતી કરની ચાલુ માંગણા સહીતની કુલ રકમ ઉપર વાર્ષીક ૧૮ ( અઢાર) ટકા લેખે દંડનીય વ્યાજ વસુલ લેવામાં આવશે.

6. નગરપાલિકા દ્વારા અધિનિયમની જોગવાઇ મુજબ નોટીસની બજવણી કરવામાં આવશે તો ₹.100/- નોટીસ ફી વહીવટી ચાર્જ તરીકે લાગુ પડશે.
7. નોટીસની બજવણી થયા બાદ ટેક્ષ ભરપાઇ કરવામાં નહી આવે અને નગરપાલિકા દ્વારા જપ્તી / સીલ અંગેનું વોરંટ ઇસ્યુ કરવામાં આવશે અને વોરંટના ઇસ્યુ સમયે તે જ દિવસે ટેક્ષ ભરપાઇ કરવામાં આવશે તો વોરંટ ફી તરીકે ₹.100/- લાગુ પડશે. વોરંટની બજવણી થયા બાદ પણ ટેક્ષ ભરપાઇ કરવામાં નહી આવે અને નગરપાલિકા દ્વારા જપ્તી / સીલની કાર્યવાહી કરવામાં આવશે તો ₹.100/- કાર્યવાહી પેટે લાગુ પડશે.
8. કરદાતાને રજુ થયેલ વેરા અંગેનાં માંગણાબીલની નોટીસની તારીખથી ત્રણ માસમાં માંગણાબીલમાં દર્શાવેલ વેરાની પાછલી બાકી સહીતની પુરેપુરી રકમ ભરપાઇ કરવામાં નિષ્ફળ જાય તો તેવા કરવાદાતાનું પાણી જોડાણ બંધ કરવામાં આવશે અને નવેસરથી જોડાણની માંગણી કરે તો (૧) રહેણાંક હેતુ માટે ₹.300/- ( અંકે ત્રણસો રુપિયા પુરા) અને (૨) ધંધાકીય હેતુમાં ₹.500/- (અંકે રુપિયા પાંચસો પુર) પુનઃજોડાણ ફી તરીકે ચુકવવાના રહેશે.
9. આ નિયમો શિક્ષણ ઉપકરને લાગુ પડશે નહી.
10. દંડનીય વ્યાજ ગણવાની પધ્ધતિ –

માંગણાબીલ રજુ થયેથી ત્રણ માસમાં વેરાની પુરેપુરી રકમ ભરપાઇ કરવામાં કરદાતા નિષ્ફળ જાય તો ૧૮ (અઢાર) ટકા દંડનીય વ્યાજ વસુલ લેવા અંગેની ગણતરી નીચે મુજબ રહેશે.

A. માંગણાબીલની કુલ રકમની ૧૮ (અઢાર) ટકા મુજબની વાર્ષીક વ્યાજની ગણતરી કરી તેને ૧૨ (બાર) વડે ભાગી એક માસના વ્યાજની રકમ નક્કી કરી તે મુજબ જેટલા માસ કરની રકમ ચુકવવામાં વિલંબ થયેલ હોય તેટલા મહિનાનું વ્યાજ વસુલ કરવામાં આવશે. માસિક વ્યાજની ગણતરી ૧૫ ( પંદર ) દિવસથી ઓછા દિવસ હોય તો વ્યાજ ગણવાનું રહેશે નહી અને ૧૫ ( પંદર ) દિવસ પછી આખા મહીનાનું વ્યાજ ગણવાનું રહેશે.
B. વર્ષ અંતે બાકી લ્હેણાની કુલ રકમ ઉપર કુલ ૧૮ ( અઢાર ) ટકા મુજબનું વ્યાજ જે તે કરદાતાની બાકી રકમમાં ઉમેરવાનું રહેશે.

11. આ નિયમોમાં જે બાબતનો ઉલ્લેખ કરવાનો રહી ગયો હોય તે બાબત અથવા નિયમના અર્થઘટન બાબતમાં નગરપાલિકાના મુખ્ય અધિકારી કરશે. આવા નિર્ણય સામે અસંતોષ હોય તો નિર્ણયની જાણ થયેથી મોડામાં મોડા દિન-૧૫ માં કારોબારી સમિતિમાં અપીલ થઇ શકશે. આ માટે ટેક્ષની તમામ રકમ ભરપાઇ કર્યા બાદ જ અપીલ કરી શકાશે. તે સિવાય કરેલ અપીલ આપોઆપ રદ્દ થશે અને કારોબારી સમિતિના નિર્ણય સામે દિન-૧૫ માં સામાન્ય સભામાં અપીલ કરી શકશે. અપીલ પીરીયડ પુરો થયા બાદ કોઇ અપીલ ધ્યાને લેવામાં આવશે નહી. સામાન્ય સભાનો નિર્ણય આખરી ગણાશે. તેની સામે કોઇ અપીલ થઇ શકશે નહી.

વિજાપુર નગરપાલિકા દ્વારા જણાવ્યા મુજબની વિગતે સરકારશ્રીની સુચનાઓ અને પરિપત્રો અન્વયે નિયમો નક્કી કરેલ છે.

ઉપરોક્ત નિયમો વિજાપુર નગરપાલિકાના કરદાતાઓને કરવેરામાં રાહત આપવાના નિયમો-૨૦૧૨ તથા દંડનીય વ્યાજ અને નોટીસ ફી, વોરંટ ફી અંગેના નિયમો-૨૦૧૨ તરીકે ઓળખાશે

- અવાચ્ય -
આશાબેન ડી.ઠાકોર
પ્રમુખ
વિજાપુર નગરપાલિકા

ખરી નકલ

ચીફ ઓફીસર
વિજાપુર નગરપાલિકા

# વિજાપુર નગરપાલિકા

## જાહેર નોટીસ

વિજાપુર નગર પાલિકા
૧૦૩૫/૧૨/૧૨
૧૬/૮/૧૨

આથી વિજાપુર નગરપાલિકા હદ વિસ્તારમાં મિલકત ધરાવતાં મિલકત ધારકો તેમજ પાણી કનેક્શન મેળવેલ ઇસમોને આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે ગુજરાત મ્યુનિસિપલ એક્ટની કલમ ૨૭૧ થી મળેલ સત્તાની રુએ તા.૩૧-૭-૨૦૧૨ના રોજ મળેલ સામાન્ય સભાના ઠરાવ નંબર ૪૦થી મિલકત ઉપર લેવામાં આવતાં ટેક્ષ (કર) સમય મર્યાદામાં ટેક્ષ ભરનારને ૧૦ ટકા રીબેટ આપવાનું અને સમયસર ટેક્ષ ન ભરનાર બાકીદારો પાસેથી ૧૮ ટકા વ્યાજ તથા નોટીસ ફી, વોરંટ ફી, પેનલ્ટી સાથે ટેક્ષ વસુલ લેવા બાબતેના નિયમો બનાવેલ છે. જે વિજાપુર નગરપાલિકાના નોટીસ બોર્ડ ઉપર તા. ૨૮/૭/૨૦૧૨ ના રોજથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે કોઇ ઇસમને આ બાબતે કોઇ વાંધો તકરાર હોય તો દિન-30માં નગરપાલિકાને મળી જાય તે રીતે લેખિતમાં મોકલી આપવાના રહેશે.

| | |
|---|---|
| (જયેશ બી.પટેલ) | ( આશાબેન ડી.ઠાકોર) |
| ચીફ ઓફીસર | પ્રમુખ |
| વિજાપુર નગરપાલિકા | વિજાપુર નગરપાલિકા |

O/C

ખરી નકલ

ચીફ ઓફીસર
વિજાપુર નગરપાલિકા

D:\Chief noting\Jaher Nivida.doc

પ્રતિક મુખડીયા

# વિજાપુર નગરપાલિકા

## સામાન્ય સભા તા. ૧૦-૦૧-૨૦૧૩

કામ ૧૪ ટેક્ષ વિભાગના નિયમો મંજુરી અર્થે સરકારશ્રીમાં મોકલવા બાબત.

ઠરાવ – ૯૧ તા. ૧૦-૧-૨૦૧૩

વિજાપુર નગરપાલિકાના ટેક્ષ વિભાગમાં ઠરાવ નંબર ૪૦, તા.૩૧-૭-૨૦૧૨ના રોજ સામાન્ય સભામાં નિયમો બનાવવામાં આવેલ છે. જેને તા.૧૯/૯/૨૦૧૨ના રોજ દૈનિકપત્રમાં જાહેર જનતાની જાણ સારૂ તથા વાંધા સુચનો મેળવવા સારૂ જાહેરાત આપવામાં આવેલ. જે અન્વયે કોઇ વાંધા સુચનો આવેલ ન હોઇ સદર નિયમો મંજુરી અર્થે સરકારશ્રીમાં દરખાસ્ત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે..

- અવાચ્ય -
આશાબેન ડી.ઠાકોર
પ્રમુખ
વિજાપુર નગરપાલિકા

ખરી નકલ

ચીફ ઓફીસર
વિજાપુર નગરપાલિકા